Seat No. : _______________

# OF-107

**October-2025**

**B.A., Sem.-VI**

**CC-315 : Gujarati**

**[A : સરસ્વતીચંદ્ર ભાગ-1 (બુદ્ધિ ધનનો કારભાર)]**

**– ગો.મા. ત્રિપાઠી**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** બધા જ પ્રશ્નોના ગુણ સરખા છે.

1. નવલકથાના ઘટક લક્ષણોનો પરિચય કરાવો. **14**

**અથવા**

1. ગુજરાતી સાહિત્યમાં નવલકથાનો ઉદ્‌ભવ અને વિકાસ આલેખો. **14**

2. 'સરસ્વતીચંદ્ર ભાગ–1ને આધારે ગોવર્ધનરામની નવલકથાકાર તરીકેની વિશેષતાઓનો પરિચય કરાવો. **14**

**અથવા**

2. નોંધ લખો : (ગમે તે બે) **14**

(1) 'સરસ્વતીચંદ્ર' ભાગ-1નો આરંભ

(2) 'સરસ્વતીચંદ્ર' ભાગ-1ની ભાષાશૈલી

(3) 'સરસ્વતીચંદ્ર' ભાગ-1માં દામ્પત્યજીવન

(4) 'સરસ્વતીચંદ્ર' ભાગ-1 નવલકથા રચવા પાછળનો લેખકનો ઉદ્દેશ

3. 'સરસ્વતીચંદ્ર' ભાગ-1ને આધારે નીચેનામાંથી કોઈપણ બે પાત્રોનો પરિચય કરાવો : **14**

(1) સરસ્વતીચંદ્ર

(2) કુમુદ

(3) બુદ્ધિધન

(4) અલક કિશોરી

**સૂચના :** (માત્ર **અંધ વિદ્યાર્થીઓ** માટે)

4. પ્રૂફ રીડરનાં આવશ્યક ગુણો જણાવો. **14**

**અથવા**

4. નોંધ લખો : **14**

(1) પ્રૂફ વાચનની જરૂરિયાત

(2) પ્રૂફ વાચનની પદ્ધતિઓ

**સૂચના :** (અંધ સિવાયના **સામાન્ય વિદ્યાર્થીઓ** માટે)

4. મૂળ પરિચ્છેદને આધારે ભૂલોવાળા પરિચ્છેદને પ્રૂફની નિશાનીઓ મૂકી પ્રૂફ રીડિંગ કરો અને એ પેજને તમારી મુખ્ય ઉત્તરવહી સાથે જોડો. (**14** ભૂલ સુધારવી જરૂરી છે.) (પેજ નં. **9** પર આપેલું)

**મૂળ પરિચ્છેદ**

નારી ઈશ્વરની દેન છે અને ઈશ્વરની દીકરી છે. ભગવાન પછી આપણે નારીના જ ઋણી છીએ – જિંદગી આપવા બદલ અને પછી જીવવા લાયક બનાવવા બદલ. તે માતાની જેમ આપણું રક્ષણ કરે છે. તથા મિત્ર અને ગુરૂની જેમ આપણને શુભ કાર્યો કરવા માટે પ્રેરણા આપે છે. નારીનાં ત્યાગ અને બલિદાન ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય મૂડી છે. પરંતુ સ્ત્રી વિધવા થઈ જતાં તેને જીવનભર બીજાઓને આશરે રહેવું પડે છે તથા દુનિયાના તમામ આનંદ પ્રમોદથી તેને વંચિત કરી દેવામાં આવે છે.

5. યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈપણ **સાત**) **14**

(1) ગુજરાતી સાહિત્યની પ્રથમ ઐતિહાસિક નવલકથા કોને ગણવામાં આવે છે ?

(a) ગુજરાતનો નાથ (b) કરણઘેલો

(c) મળેલા જીવ (d) પાછલે બારણે

(2) નીચેનામાંથી કઈ નવલકથા રાવજી પટેલની છે ?

(a) ભારેલો અગ્નિ (b) સાસુ-વહુની લડાઈ

(c) અશ્રુઘર (d) ગુજરાતનો નાથ

(3) નીચેનામાંથી કયું લક્ષણ નવલકથા સાહિત્યસ્વરૂપનું નથી ?

(a) કથાવસ્તુ (b) સંવાદ કલા

(c) પાત્ર પરિચય (d) આડકથાનો ઉપયોગ

(4) 'કાદંબરીની મા' નવલકથાના સર્જકનું નામ શું છે ?

(a) ધીરુબહેન પટેલ (b) સરોજ પાઠક

(c) પન્નાલાલ પટેલ (d) ઈશ્વર પેટલીકર

(5) 'સરસ્વતીચંદ્ર' ભાગ-1માં આપેલ પ્રકરણોની સંખ્યા કેટલી છે ?

(a) 11 (b) 21

(c) 25 (d) 28

(6) 'સરસ્વતીચંદ્ર' નવલકથામાં સરસ્વતીચંદ્ર બીજું કયું નામ ધારણ કરે છે ?

(a) ગીરીશચંદ્ર (b) બંકીમચંદ્ર

(c) નવીનચંદ્ર (d) કુલીનચંદ્ર

(7) નીચેનામાંથી કયું પ્રકરણ 'સરસ્વતીચંદ્ર' ભાગ-1માં આવે છે ?

(a) સુવર્ણપુરનો અતિથિ (b) ગુણસુંદરી

(c) કુમુદ સુંદરી (d) અમાત્યનું દેવું

(8) "અલક, હું તો તમારો ભાઈ થાઉં હો !" – 'સરસ્વતી ચંદ્ર' ભાગ-1 નવલકથામાં આ વિધાન કોણ બોલે છે ?

(a) નવીનચંદ્ર (b) પ્રમાદ ધન

(c) શઠરાય (d) જમાલ

(9) સુવર્ણપુર કઈ નદીના કિનારે આવેલું છે ?

(a) નર્મદા (b) સાબરમતી

(c) ભંદ્રા (d) તાપી

(10) 'ઉન્મતપણાનું પરિણામ' સરસ્વતીચંદ્ર ભાગ-1માં કયા ક્રમે મુકાયેલું પ્રકરણ છે ?

(a) 19 (b) 09

(c) 12 (d) 18

(11) અલ્પવિરામ મૂકવા માટે પ્રૂફ રીડિંગમાં નીચેનામાંથી કયું ચિહ્ન વપરાય છે ?

(a) ⊙ (circled comma) (b) ⊙

(c) ⁀‿ (d) #

(12) પ્રૂફ રીડરમાં નીચેનામાંથી કઈ લાયકાત જરૂરી છે ?

(a) મેડિકલ અંગેનું જ્ઞાન (b) રમત-ગમતનું જ્ઞાન

(c) ભાષા અંગેનું જ્ઞાન (d) એકપણ નહિ

Seat No. : _______________

# OF-107

**October-2025**

**B.A., Sem.-VI**

**CC-315 : Gujarati**

**(B : ચુનીલાલ મડિયાની વાર્તાસૃષ્ટિ)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. ટૂંકીવાર્તાના સાહિત્યસ્વરૂપનાં વ્યાવર્તક લક્ષણો જણાવો. **14**

**અથવા**

1. ગુજરાતી સાહિત્યમાં ટૂંકીવાર્તાના મુખ્ય સર્જકો અને કૃતિઓનો પરિચય કરાવો. **14**

2. અભ્યાસવિષયક વાર્તાઓને કેન્દ્રમાં રાખીને વાર્તાકાર ચુનીલાલ મડિયાની વાર્તાકાર તરીકેની વિશેષતા જણાવો. **14**

**અથવા**

2. "કથાવસ્તુ અને સંવિધાનની દષ્ટિએ મડિયાની વાર્તાસૃષ્ટિમાં ઘણું વૈવિધ્ય છે." – અભ્યાસક્રમની વાર્તાઓને આધારે આ વિધાનને તપાસો. **14**

3. ટૂંકનોંધ લખો : (કોઈપણ બે) **14**
   (1) 'ગળચટાં વખ' શીર્ષકનું ઔચિત્ય
   (2) મડિયાની વાર્તાઓમાં જાતીય વૃત્તિનું નિરૂપણ
   (3) 'શરણાઈના સૂર' વાર્તામાં પ્રગટ થતું કારુણ્ય
   (4) 'અંતઃસ્રોતા' વાર્તામાં જાનબાઈનું ચરિત્ર-ચિત્રણ

**સૂચના :** (માત્ર **અંધ વિદ્યાર્થીઓ** માટે)

4. નોંધ લખો : **14**
   (1) પ્રૂફ રીડિંગનું મહત્ત્વ અને કાર્યક્ષેત્ર
   (2) પ્રૂફ રીડરની સજ્જતા

સૂચના : (અંધ સિવાયના **સામાન્ય વિદ્યાર્થીઓ** માટે)

4. આપેલ આધારખંડને આધારે ભૂલોવાળા પરિચ્છેદને પ્રૂફની નિશાનીઓ મૂકી પ્રૂફ રીડિંગ કરો અને એ પેજને તમારી મુખ્ય ઉત્તરવહી સાથે જોડો. (**14** ભૂલ સુધારવી જરૂરી છે.) (પેજ નં. **11** પર આપેલું)

**આધારખંડ**

જીવન ઉપર ધર્મનો પ્રકાશ પડે ત્યારે આખી સૃષ્ટિ કેવી પલટાઈ જાય એ સમજાવવા ટાગોરનું એક મનોહર દૃષ્ટાંત છે. તેઓ કહે છે કે પોતે નાના હતા ત્યારે એમની આંખો નબળી હતી, પણ તેની પોતાને ખબર ન હતી; બધાને આવું જ દેખાતું હશે એમ એમને લાગતું. પરંતુ એક દિવસ અચાનક રમતમાં એમણે કોઈ સાથીનાં ચશ્માં લઈને પહેર્યાં ત્યારે એમને બધી વસ્તુ ચોખ્ખી દેખાઈ ! એ નવી શોધના આનંદ સાથે આટલા દિવસ સુધી આટલું નુકસાન વેઠ્યાનું દુઃખ એમણે અનુભવ્યું. નાસ્તિકની દુનિયા પણ ચશ્માં વગરની સૃષ્ટિ છેઃ ઝાંખી, અસ્પષ્ટ, નીરસ, પણ જો શ્રદ્ધાનાં દિવ્યચક્ષુ ખૂલે તો જીવનની રેખાઓ ને રંગ, સૌંદર્ય ને માંગલ્ય નજર સામે આપોઆપ ખીલી ઊઠે.

તમે બીજાં ક્ષેત્રોમાં પવનવેગે પ્રગતિ કરો છો, નવા વિષયો શીખો છો, નવા અનુભવો લો છો, નવી કલાઓ હસ્તક કરો છો. હવે જો આ ક્ષેત્રમાં-ધર્મના ક્ષેત્રમાં-તમે સરખી પ્રગતિ પણ ન સાધો તો તમારો સર્વાંગી વિકાસ થશે નહિ; ધર્મમાં જે વિરાટ દર્શન, જે ઉલ્લાસનું સ્પંદન, જે શક્તિનું સ્ફુરણ છે એનાથી જો તમારી જાતને વંચિત રાખશો તો તમારું વ્યક્તિત્વ રૂંધાઈ જશે.

એ માટે કરવું શું ? રોજ ઊઠીને પ્રાર્થના કરોઃ ઘેર હશો કે હૉસ્ટેલ-બૉર્ડિંગમાં હશો તોય એ થઈ શકશે-ને થવું જ જોઈએ. ગરજમાં વિનંતી, ઉપકારમાં આભાર, ભૂલમાં પસ્તાવો, ને સદા વિશ્વાસ, ભક્તિ ને પ્રેમ, એ ભગવાન પ્રત્યેના ભાવો તમારા હૃદયમાં કેળવો. પ્રવૃત્તિમાં સાક્ષીભાવ, કાર્યમાં અનાસક્તિ, જનસેવામાં પ્રભુસેવા, એ મંત્રો કેવળ સાધુસંતો માટે નહિ પણ તમારે માટે ઘડેલા છે એમ સમજો અને સરળતાથી એનો અનુભવ પણ કરો.

5. યોગ્ય વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો : (કોઈપણ **સાત**) **14**

(1) ગુજરાતી સાહિત્યની પ્રથમ વાર્તા 'ગોવાલણી'ના લેખક 'મલયાનિલ'નું મૂળ નામ જણાવો.

(a) અંબાલાલ સાકરલાલ દેસાઈ (b) કંચનલાલ વાસુદેવ મહેતા

(c) અમૃતલાલ પઢિયાર (d) રણજિતરામ વાવાભાઈ

(2) 'દ્વિરેફની વાતો' વાર્તાસંગ્રહ કેટલા ભાગમાં પ્રકાશિત થયો છે ?

(a) પાંચ (b) ચાર

(c) ત્રણ (d) બે

(3) ચુનીલાલ મડિયાએ કયા વાર્તાસંગ્રહથી નવલિકાક્ષેત્રે પ્રવેશ કર્યો ?

(a) 'ઘૂઘવતાં પૂર' (b) 'ચંપો અને કેળ'

(c) 'શરણાઈના સૂર' (d) 'ક્ષત-વિક્ષત'

(4) 'મિર્ચ મસાલા' ફિલ્મ ચુનીલાલ મડિયાની કઈ વાર્તાઓ પરથી બની છે ?

(a) 'ચંપો અને કેળ' (b) 'અભુ મકરાણી'

(c) 'અંતઃસ્રોતા' (d) આ તમામ

(5) 'શરણાઈના સૂર' કૃતિમાં કોના વાત્સલ્યભાવને પ્રસ્તુત કરવામાં આવ્યો છે ?

(a) નેણશી ભગત (b) તળશી વેવાઈ

(c) રમઝુ મીર (d) ભૂધર મેરાઈ

(6) મડિયાની કઈ વાર્તામાં નારીની પ્રબળ સંતાન ઝંખનાને જોવા મળે છે ?

(a) 'અંતઃસ્રોતા' (b) 'કમાઉ દીકરો'

(c) 'વાની મારી કોયલ' (d) 'કાકવંધ્યા'

(7) નેણશીદાદાને શું પહોંચાડવા સંતી ખેતરે આવી હતી ?

(a) અફીણ (b) છાશ

(c) પાવડો (d) લોટો

(8) પુત્રના ભવિષ્ય માટે પુત્રએ કરેલા ગુનાને કબૂલીને કોણ જનમટીપની સજા ભોગવે છે ?

(a) દેવાયત
(b) જાખરો મદારી
(c) લખુડો
(d) પૂનમશી

(9) સૌરાષ્ટ્રના કોઈ નાના સ્ટેશને એક રાતમાં બનેલી ઘટનાનું વર્ણન મડિયાની કઈ વાર્તામાં જોવા મળે છે ?

(a) 'ચંપો અને કેળ'
(b) 'કાકવંધ્યા'
(c) 'અંતઃસ્રોતા'
(d) 'કાળી રાત, કાળી ઓઢણી, કાળી ચીસ'

(10) મડિયાની કઈ વાર્તામાં માનવીની સ્વાર્થવૃત્તિને કારણે જન્મતું કારુણ્ય વાર્તાના કેન્દ્રમાં છે ?

(a) 'ઘૂઘવતાં પૂર'
(b) 'કમાઉ દીકરો'
(c) 'ગળચટાં વખ'
(d) 'શરણાઈના સૂર'

(11) મુદ્રિત સામગ્રીમાં ભૂલ કે ક્ષતિ સુધારનાર પ્રૂફવાચકમાં કઈ વિશેષતા હોવી જોઈએ ?

(a) ભૂલ જોવાની તીક્ષ્ણ દષ્ટિ
(b) ભાષા-સાહિત્ય-વ્યાકરણ અને મુદ્રણ પ્રક્રિયાનું પાયાનું જ્ઞાન
(c) પ્રૂફ નિશાનીઓનો પરિચય
(d) આ તમામ

(12) મડિયાની પ્રતિભાનો તેજસ્વી ઉન્મેષ કયા પ્રદેશના લોકજીવનની વાર્તાઓમાં જોવા મળે છે ?

(a) સોરઠ પ્રદેશ
(b) ઉત્તર ગુજરાતના પ્રદેશ
(c) ચરોતર પ્રદેશ
(d) દક્ષિણ ગુજરાતના પ્રદેશ

---

સૂચના : મૂળ પરિચ્છેદનો આધાર લઈ નીચે આપેલ ભૂલોવાળા પરિચ્છેદમાં પ્રૂફ રીડિંગની નિશાનીઓ-ચિહ્નો દર્શાવી પ્રૂફ રીડિંગ કરો અને પ્રૂફ રીડિંગ કરેલ ભૂલોવાળા પરિચ્છેદવાળું પેજ તમારી ઉત્તરવહી સાથે જોડો.

**(ઓછામાં ઓછી કોઈપણ ચૌદ (14) ભૂલો સુધારવી આવશ્યક છે.)**

કેન્દ્ર : ______________________________ પરીક્ષાર્થીનો બેઠક નં. ________________________

નિરીક્ષકની સહી : ______________________ તારીખ : ________________________

## ભૂલવાળો પરિચ્છેદ

નારિ ઈશ્વરની બેનછે અને ઈ શ્વર નિ દિકરી પણ છે ભગવાન પછિ આપણે નારિ નાજ ઋણી છીએ – જિંદગી આપવા બદ લ બને પ છી લાયક જીવવા બનાવા બદલ, તે માતાનિ જેમ આ પણુ રક્ષણ ભરે છે. તથા મીત્ર અને ધુરુની તેમ આ પણને શુભ કાર્યો કરવા વાટે પ્રેરણા આ પે છે. નારિના ભાગ અને બલીદાન ભારતિય સંસ્કૃતિની અમૂલ્ય મૂળી છે.

પરંતુ સ્ત્રી વીધવા થઈ જતાં તેને જીવન ભર બિજાઓને પાશ રે રહેવું પડે છે તથા દૂનીયાના તમામ આનંદ પ્રમોદથી તેને વન્ચીત ભરી દેવામાં આવે છે.

સૂચના : મૂળ પરિચ્છેદનો આધાર લઈ નીચે આપેલ ભૂલોવાળા પરિચ્છેદમાં પ્રૂફ રીડિંગની નિશાનીઓ-ચિહ્નો દર્શાવી પ્રૂફ રીડિંગ કરો અને પ્રૂફ રીડિંગ કરેલ ભૂલોવાળા પરિચ્છેદવાળું પેજ તમારી ઉત્તરવહી સાથે જોડો.

**(ઓછામાં ઓછી કોઈપણ ચૌદ (14) ભૂલો સુધારવી આવશ્યક છે.)**

કેન્દ્ર : ______________________________ પરીક્ષાર્થીનો બેઠક નં. __________________________

નિરીક્ષકની સહી : ________________________ તારીખ : __________________________

## ભૂલવાળો પરિચ્છેદ

જિવન ઉપર ધર્મનો પ્રકાશ પડે આખી સૃષ્ટિ કેવી પલટાઈ જાય એ સમજાવવા ટાગોરના  એક મનોહર દૃષ્ટાંત છે. તેઓ કહે છે કે પોતે નાના હતા ત્યારે એમની આંખો નબળી હતી પણ તેની પોતાને ખબર ન હતી; બધાને આવું જ દેખાતું હશે એમ એમને લાગતું. પરંતુ એકદિવસ અચાનક રમતમાં એમણે કોઈ સાથીનાં ચશ્મા લઈને પહેર્યાં ત્યારે એમને બધી વસ્તુ ચોખ્ખી દેખાઈ ? એ નવી શોધના આનંદ સાથે આટલા દિવસ સુધી આટલું નુકસાન વેઠયાનું દુઃખ એમણે અનુભવ્યું. નાસ્તિકની દુનિયા પણ ચશ્માં વગરની સૃષ્ટિ છે - ઝાંખી, અસ્પષ્ટ, નીરસ, પણ જો શ્રદ્ધાનાં દિવ્યચક્ષુ ખૂલે તો જિ વનની રેખાઓ ને રંગ, સૌંદર્ય ને મં ગલ્ય નજર સામે આપોઆપ ખીલી ઊઠે. તમે બીજાં ક્ષેત્રો માં પવનવેગે પ્રગતિ કરો છો, નવા વિષયો શીખો છો, નવા અનુભવો લો છો, નવી કલાઓ હસ્તક કરો છો. હવે જો આ ક્ષેત્રમાં ધર્મના ક્ષેત્રમાં-તમે સરખી પ્રગતિ પણ ન સાધો તો તમારો સર્વાંગી વિકાસ થશે નહિ; ધર્મમાં જે વિરાટ દર્શન, જે ઉલ્લાસનું સ્પંદન, જે શક્તિનું સ્ફુરણ છે એનાથી જો તમારી જાતને વંચિત રાખશો તો .....તમારું વ્યક્તિત્વ રુંધાઈ જશે.

એ માટે કરવું શું રોજ ઉઠીને પ્રાર્થના કરો - ઘેર હશો કે હૉસ્ટેલ-બૉર્ડિંગમાં હશો તોય એ થઈ શકશેને થવું જ જોઈએ. ગરજમાં વિનંતી, ઉપકાર આભાર, ભૂલમાં પસ્તાવો, અને સદા વિશ્વાસ, ભક્તિ ને પ્રેમ,  ભગવાન પ્રત્યેના ભાવો તમારા હૃદયમાં કેળવો. પ્રવૃત્તિમાં સાક્ષીભાવ, કાર્યમાં અનાસક્તિ, જનસેવામાં પ્રભુસેવા, એ મંત્રો કેવળ સાધુ સંતો માટે નહિ પણ તમારે માટેના  ઘડેલા છે એમ સમજો અને સરળતાથી એનો અનુભવ પણ કરો.